ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# બારડોલી-વ્યારા-ભરૂચ

૧૦ | બુધવાર ૨ ઓક્ટોબર, ૨૦૨૪ | કામરેજ | પલસાણા | ઓલપાડ | સાયણ | કીમ-કોસંબા | માંડવી | મહુવા | વાલોડ | સોનગઢ | ઉકાઇ | અંકલેશ્વર | હાંસોટ



રાજ્ય સરકાર ગરીબોના કલ્યાણ માટે વિચારી રહી છે, પરંતુ ખરેખર ગરીબ કલ્યાણ મેળા થકી લાભાર્થીઓનું કલ્યાણ થાય છે ખરું એ વિચારવાલાયક પ્રશ્ન છે, નેત્રંગ તાલુકામાં 13મા તબક્કાની કિટ હજુ આદર્શ નિવાસી શાળામાં ધૂળ ખાઇ રહી છે, ત્યારે 14મા તબક્કાનો ગરીબ કલ્યાણ મેળો યોજાઈ ગયો

હાથોહાથ છેતરામણી

# ગરીબ મેળામાં કોનું કલ્યાણ?

**જાહેર** મંચ ઉપરથી મોટા ઉપાડે ગરીબોના કલ્યાણની મોટી મોટી વાતો કરનારા નેતાઓ ગરીબોનાં ઘર સુધી સ્થિતિનો તાગ મેળવે તો ખબર પડે કે ખરેખર ગરીબોનું કલ્યાણ થયું છે ખરું, ગરીબ કલ્યાણ મેળાઓમાં બીજા કોઈનું જ કલ્યાણ થઇ ગયું હોય એવું લાગે છે

**અગાઉ** વિદ્યાર્થીઓ ભણે એ માટે સાઈકલ વિતરણ કરવાની યોજના અમલી બનાવી હતી, પરંતુ સાઈકલો પણ પડી પડી સડી ગઈ હતી

નેત્રંગ: વિકસિત ભારત, વિકસિત ગુજરાતના નારા સાથે જન જનના કલ્યાણ માટે કટિબદ્ધ ગુજરાત સરકારની વિકાસની ગતિને જાણે બ્રેક લાગી રહી છે. ગરીબ કલ્યાણની નીતિ, સર્વાંગી વિકાસની વાતો તો કરવામાં આવે છે પરંતુ જમીની હકીકત કંઇક જુદી જ છે. છેવાડાના માનવીને આર્થિક વિકાસના સપના બતાવવામાં આવે છે પરંતુ આવા છેવાડાના લોકોનું ખરેખર કલ્યાણ થાય છે ખરું એ વિચાર માંગી લે એવો પ્રશ્ન છે. સ્વરોજગાર માટે ગરીબ કલ્યાણ મેળા થકી ટૂલ કિટનું વિતરણ કરવામાં આવે છે. પરંતુ ગરીબોની રીતસર મજાક કરવામાં આવી હોય એવું પ્રતીત થઈ રહ્યું છે. ક્યાંક હલકી કક્ષાની કિટ તો ક્યાંક જૂની કિટ ભંગારના ગોડાઉનમાં પડી પડીને સડી રહી હોવાનું બહાર આવ્યું છે. ત્યારે નેત્રંગ તાલુકાના લાભાર્થીઓમાં આક્રોશ જોવા મળી રહ્યો છે.

જિલ્લા કક્ષાએ યોજાતા ગરીબ કલ્યાણ મેળાઓમાં પદાધિકારીઓ તેમજ અધિકારીઓ ફોટોસેશન પૂરતી અમુક લાભાર્થીઓને ટૂલ કિટ આપી કાર્યક્રમ સમેટી લે છે. બાકીના લાભાર્થીઓને ટૂલ કિટ મળી છે કે નથી મળી તે બાબતે કોઈ પદાધિકારીઓ કે અધિકારીઓને પડી નથી. જેને લઈ ગરીબ લાભાર્થીઓ લાભથી કાયમ માટે વંચિત રહેતા હોવાની બૂમ ઊઠી રહી છે.

આવાં તો અનેક ઉદાહરણો છે, જ્યાં સરકાર લાભાર્થીઓને કિટ મળે એવું આયોજન કરતી હોય છે પરંતુ લાભાર્થીઓ લાભથી વંચિત રહી જાય છે. પાછલા વર્ષમાં ગરીબ આદિવાસી કન્યાઓ ભણી શકે એ માટે રાજ્ય સરકારે સાઈકલ આપવાની યોજના શરૂ કરી હતી. પરંતુ અંધેર વહીવટના કારણે કન્યાઓને સાઈકલો નસીબ ન થઈ અને હજારો સાઈકલો ભંગારમાં આપવી પડી. જેના માટે જવાબદાર અધિકારીઓ સામે કાર્યવાહી થઈ કે નહીં તે તંત્ર જાણે. આ સંજોગોમાં ભરૂચ ખાતે આવેલી મદદનીશ વિકાસ કમિશનર આદિવાસીઓ કચેરીનો અંધેર વહીવટ સામે આવ્યો છે. ૧૩મા તબક્કાનો ગરીબ કલ્યાણ મેળો ગત વર્ષ યોજાયો હતો, જેમાં આ વિભાગ થકી નેત્રંગ તાલુકાના છેવાડાના ગરીબ આદિવાસીઓ સ્વરોજગાર મેળવે એ માટે જે-તે લાભાર્થીઓને ટૂલ કિટ વિતરણ કરવાની હતી. પરંતુ છેલ્લા એક વર્ષથી નેત્રંગ ખાતે આવેલી આદર્શ નિવાસી શાળાની જર્જરીત હોસ્ટેલના એક બંધ રૂમમાં પડી પડી ધૂળ ખાઈ રહી છે. જ્યારે હાથલારીઓ બહારના ભાગમાં વિતરણની રાહ જોઈને પડી રહી છે. ૧૩મા તબક્કાની કિટ ધૂળ ખાઈ રહી છે. તો ૧૪મા તબક્કાની કિટનું શું થયું હશે.




પ્રદીપ ગુર્જર

### હું સામેથી ફોન કરું છું: સનાભાઈ રાઠવા

નેત્રંગ આદર્શ નિવાસી શાળાની જર્જરીત હોસ્ટેલમાં ૧૩મા તબક્કાની ગરીબ કલ્યાણ મેળાની ટૂલ કિટ્સ હજી સુધી કયાં કારણોસર વિતરણ નથી થઈ એ બાબતે મદદનીશ વિકાસ કમિશનર આદિજાતિ કચેરી ભરૂચના સિનિયર ક્લાર્ક તેમજ હાલના આ વિભાગના ઇનચાર્જ ટીડીઓ સનાભાઈ રાઠવાનો ટેલિફોનિક સંપર્ક કરતાં જણાવ્યું હતું કે, હું ચાલુ ગાડીએ છું. હું સામેથી ફોન કરું છું. પણ હજી આ લખાઇ રહ્યું છે, ત્યાં સુધીમાં કોઈપણ ફોન આવ્યો નથી.

વ્યાપક ફરિયાદો વ્યર્થ: કૂવા, બોર કે પાઈપલાઈન, ગંદું પાણી પીવા લોકો મજબૂર

# “ડોક્ટર સાહેબ” આરામ ફરમાવતા રહ્યા, ને દોઢ વર્ષની માસૂમ દીકરીનો જીવ ગયો

**નેત્રંગમાં** ઝાડા-ઊલટીના વાવરમાં એક માસૂમ દીકરી હોમાઈ ગઈ: ખાનગી દવાખાને લઈ ગયા તો ડોક્ટરો સૂતા હતા, પછી આવવા કહ્યું

**દર્દીઓનો** આંક વધીને 26 ઉપર પહોંચ્યો, પરંતુ રોગચાળાનું કારણ શોધવા-નાથવા સંદર્ભે તંત્ર ઉદાસીન

ભરૂચ: નેત્રંગમાં ઝાડા ઊલટીના રોગોમાં અચાનક વધારો થતા સરકારી દવાખાનામાં લોકો સારવાર લઈ રહ્યા છે. હાલ દર્દીઓનો આંકડો 26 ઉપર પહોંચ્યો હતો. અગાઉ એક મહિલા સહીત બેનાં મોત થયા હતા. હાલમાં દોઢ વર્ષીય બાળકીએ પણ માત્ર ૧૨ કલાકમાં દમ તોડતા લોકોમાં ફફડાટ ફેલાઈ ગયો છે. છતાં વહીવટી તંત્ર હજુપણ આનું કારણ અને મારણ શોધવામાં નિષ્ફળ ગયું છે. ગ્રામ પંચાયત હસ્તક કૂવા, બોર અને પાઈપલાઈનોની



તપાસ કરી રોગચાળો કેવી રીતે વકર્યો તે જાણવાની પણ તસ્દી ન લેતા એક પછી એક લોકો મોતના ખપ્પરમાં હોમાવા લાગ્યા છે.

મૂળ આંજોલી ગામના અને હાલ નેત્રંગના કોસ્યાકોલામાં રહીને મજુરી કરતા નીતિનભાઈ વસાવાની 1.5 વર્ષીય દીકરી આર્વીને 27મી સપ્ટેમ્બરે રાત્રે અચાનક ઝાડા-ઊલટી શરૂ થઈ જતા પરિવારજનો નેત્રંગના બે ખાનગી ક્લિનિકોમાં લઇને દોડ્યા હતા. જો કે બંને જગ્યાએ ડોક્ટરો સૂઈ રહ્યા હતા, જેથી ઈમરજન્સી સારવાર માટે આવ્યા ન હતા. બીજા દિવસે બાળકીની તબિયત વધુ બગડતા પરિજનો ફરી ડોક્ટરને ત્યાં લઇ જતા તેઓએ આર્વીને સરકારી દવાખાનામાં લઇ જાઓ એમ જણાવી દેતા સરકારી દવાખાને લઇને દોડવું પડ્યું હતું. જો કે સારવાર મળે એ પહેલા દીકરીએ દમ તોડી દીધો હતો. જેથી ભોગ બનનાર પરિજનોએ રોષપૂર્વક જણાવ્યું હતું કે, નેત્રંગમાં તબીબોમાં માનવીય અભિગમ બાકી નથી રહ્યો. તબીબી સિદ્ધાંતને અવગણીને ખાનગી ડોક્ટરો સુઈ રહ્યા અને મારી દીકરીએ સારવાર વિના જીવ ગુમાવ્યો હતો. મૃતક દીકરીના પિતા નીતિન વસાવાએ તંત્ર સામે પણ નારાજગી વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, ગંદું પાણી પીવાથી મારી દીકરીએ મોતને ભેટવું પડ્યું હતું.

### બાળકીના મોતનું કારણ જાણવા ઘરે ટીમ મોકલી તો કોઈ મળ્યું નહીં! : હેલ્થ ઓફિસર

નેત્રંગ તાલુકા હેલ્થ ઓફિસર ડો.એ.એન. સિંઘએ જણાવ્યું હતું કે બાળકીના મોતનું કારણ તપાસવા અહીંથી ટીમ તેના ઘરે મોકલી હતી, પરતું તેના ઘરે કોઇ મળ્યું ન હતું. હવે બરોડા SSG હોસ્પિટલથી કારણ જાણવા ખાસ ટીમ આવશે. ઉલ્લેખનીય છે કે, તપાસ કરાય તો ઘણા અંતરિયાળ વિસ્તારોમાં ડીગ્રી વિનાના ડોક્ટરો પણ ખુલ્લા પડી શકે છે.

## સંક્ષિપ્ત સમાચાર

### ધરમપોર-ઉશ્કેર-મુંજલાવ-બૌધાન રોડ ઉપર બ્રિજની કામગીરીને પગલે ડાયવર્ઝન

માંડવી: ધરમપોર-ઉશ્કેર-મુંજલાવ-બૌધાન રોડ કિ.મી. ૦/૦થી ૬/૮ રસ્તા ઉપર આવેલ ચેઈન્જ ૦/૩૬૪, ૧/૨૩૦, ૪/૨૫૫ તથા ૬/૩૯૪ પર PMGSY-III હેઠળ બ્રિજની કામગીરી કરવાની હોય રોડ સેફટી કાયદો અને જાહેર વ્યવસ્થા ધ્યાને લઇ તકેદારીના ભાગરૂપે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ વિજય રબારીએ એક જાહેરનામા થકી ઉશ્કેર-બૌધાનથી જતાં/આવતા તમામ પ્રકારના વાહનોને પસાર થવા પર પ્રતિબંધ મૂકી દૈનિક અવરજવર માટે વૈકલ્પિક માર્ગ જાહેર કર્યો છે. જે અનુસાર ઉશ્કેરથી મુંજલાવ જવા-આવતાં વાહનોએ કીમ-માંડવી એસ.એચ.રોડથી કાકરાપાર જમણા કાંઠા કેનાલના સર્વિસ રોડ(જમણી બાજુ) ચે.૩૯/૦૨૪થી ૪૧/૧૧૧ થઇ તડકેશ્વર કેનાલથી મુંજલાવ રોડ (કિ.મી.૦/૦થી ૨/૦) પર થઇ મુંજલાવ આવવું/જવું. ઉશ્કેરથી બૌધાન જતા-આવતાં વાહનોએ કીમ-માંડવી એસ.એચ. રોડ થઈને વડોદ નૌગામા રોડ (કિ.મી. ૦/૦થી ૫/૮) બૌધાન આવવું. તેમજ બૌધાનથી મુંજલાવ જતાં-આવતાં વાહનોએ બૌધાન વડોદ નૌગામા રોડ (કિ.મી. 0/0થી ૫/૮) થઇ કીમ-માંડવી એસ.એચ. રોડ થઇ કાકરાપાર જમણા કાંઠા કેનાલના સર્વિસ રોડ(જમણી બાજુ) ચે. ૩૯/૦૨૪થી ૪૧/૧૧૧ થઇ તડકેશ્વર કેનાલથી મુંજલાવ રોડ (કિ. મી. ૦/૦થી ૨/૦) પર થઇ મુંજલાવ આવવું/જવું. આ જાહેરનામું તા.૩૦/૧૧/૨૦૨૪ સુધી અમલમાં રહેશે અને તેનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર ગણાશે.

### નિઝરની સોલાર પાર્ક કંપનીનો સામાન લઈ આવેલા યુવકનું કરંટ લાગતાં મોત

વ્યારા: નિઝરના વેલદાં રોડ પર મુબારકપુર ફાટા નજીક આવેલ સોલાર પાર્ક કંપની પાસે તા.૩૦/૯/૨૦૨૪ના રોજ બપોરે ૨ વાગ્યાના અરસામાં પ્રવેશ જગદીશ દુબે (ઉં.વ.૩૧)(રહે.,પુરવા, પો.મસાયચા, તા.બાસી, થાના બાસી, જિ.સિધ્ધાર્થનગર, યુ.પી.) ટ્રક નં.(GJ 07 YY 6680)માં સોલાર કંપનીનો સામાન ભરી લઈ આવ્યા હોય તે સામાન ખાલી કરવા માટે ટ્રક ઉપર બાંધેલી તાડપત્રી છોડવા જઇ રહ્યા હતા. ત્યારે તેના નાકને ટ્રકની ઉપરથી પસાર થતી વીજ લાઇન ટચ થઈ જતાં કરંટ લાગવાથી ટ્રકમાં ભરેલો સામાન ઉપર પડી ગયો હતો. આથી બેભાન થઈ જતાં તેને ખાનગી રિક્ષામાં બેસાડી નિઝર સરકારી દવાખાનામાં સારવાર માટે લઈ જવામાં આવ્યો હતો, પણ ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યો હતો.

### બલેશ્વર પાસે 9.62 લાખના દારૂ સાથે ટેમ્પો ઝડપાયો

પલસાણા: એક આઇસર ટેમ્પો નંબર જીજે 3 એએક્સ 5093નો ચાલક તેના આઇસર ટેમ્પોમાં મોટા પ્રમાણમાં વિદેશી દારૂનો જથ્થો ભરી નવસારીથી અમદાવાદ તરફ જઇ રહ્યો છે. આ બાતમીના આધારે પોલીસે બલેશ્વર ગામની સીમમાં વોચ ગોઠવી હતી. બાતમી મુજબનો ટેમ્પો દેખાતા જ પોલીસે તેને અટકાવી તેમાં તપાસ કરી હતી. આ ટેમ્પોમાંથી કુલ રૂપિયા 9,62,400ની કિંમતની 3,972 વિદેશી દારૂની બોટલ મળી આવી હતી. પોલીસે ટેમ્પો ચાલક હરદયાલસિંગ નારાયણસિંગ રાજપૂત (ઉ.વ.30, રહે બડાખેડા દેપાલી ગામ, તા. તાડગઢ, જી. અજમેર, રાજસ્થાન) અને ક્લિનર ખુશાલસિંગ મોતીસિંગ રાજપૂત (રૂપણ જવાજા, જી. અજમેર, રાજસ્થાન)ની ધરપકડ કરી હતી. પોલીસે દારૂ ઉપરાંત 10 લાખની કિંમતનો ટેમ્પો, 1 લાખ રૂપિયાના કોથળા, બે મોબાઇલ ફોન અને રોકડા રૂપિયા 830 મળી કુલ કિંમત રૂ. 20,73,730નો મુદ્દામાલ કબજે કર્યો હતો. પોલીસે ટેમ્પો ચાલક જ્યારે જથ્થો ભરી આપનાર સુરેન્દ્રસિંગ રાજપૂત (રહે બ્યવાર, જી.અજમેર)ને વોનટેડ જાહેર કર્યો હતો.

### અંકલેશ્વર GIDCનાં બે એકમમાં થયેલી ચોરીમાં 3 ઝડપાયા, 7 વોન્ટેડ

અંકલેશ્વર: ભરૂચ ક્રાઇમ બ્રાન્ચની ટીમને બાતમી મળી હતી કે અંક્લેશ્વર જીઆઇડીસીમાં યોગી એસ્ટેટમાં બે ઇસમો શંકાસ્પદ એસ.એસ.ની પાઇપ તથા પ્લેટ સગેવગે કરી રહયા છે. જે આધારે પોલીસે તપાસ કરતા પ્રિન્સ એન્જિનિયરિંગની દિવાલ પાછળ બે ઇસમો પાસેથી પોલીસે ચોરીનો સામાન અને મોપેડ કબ્જે કર્યા હતા. આ મામલામાં ઝડપાયેલા આરોપી રવી સુરેશભાઈ મેકવાન અને દિનેશ ઉર્ફે ધીરૂ મગનભાઈ વસાવાની આકરી પૂછતાછમાં તેણે ભાવિક એન્જિનિયરિંગ કંપનીમાં ચોરી કરી હોવાની કબૂલાત કરી હતી. આરોપીઓએ ચોરી કર્યા બાદ ભંગાર લલિત પટેલ નામના શખ્સને વેચી દીધો હતો. પોલીસે લલિતની ધરપકડ કરી તેની પાસેથી ચોરીનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. ત્રણની ધરપકડ સાથે કુલ 7 આરોપીઓને વોન્ટેડ જાહેર કર્યા હતા.

## ઝઘડિયાના કરાડ નજીક નોકરિયાત બાઇકસવારને આંતરી દોઢ લાખની લૂંટ

**બાઇક** પર ધસી આવેલા બે લુંટારાએ સોનાની ચેઇન અને વીંટીઓ લૂંટી લીધી

ઝઘડિયા: ઝઘડિયાના કરાડ ગામ નજીક 40 વર્ષીય નોકરિયાત પોતાની બાઈક પર જઈ રહ્યા હતા. ત્યારે બે બાઈકસવાર ઈસમોએ આંતરી લૂંટ ચલાવી હોવાની ઘટનાથી ચકચાર મચી ગઈ છે.

મૂળ પાણેથા અને હાલ રાજપારડી ખાતે રહેતા કલ્પેશ જગદીશ પટેલ ઝઘડિયા GIDCની એક કંપનીમાં કોન્ટ્રાક્ટમાં સુપરવાઈઝર તરીકે નોકરી કરે છે. 1 ઓક્ટોબર ને મંગળવારે સવારના આઠ વાગ્યાના અરસામાં તેઓ બાઈક લઈ નોકરીએ જવા નીકળ્યા હતા. દરમિયાન કરાડ ગામ નજીકથી પસાર થઈ રહ્યા હતા. એ વેળા ગરનાળા નજીક કોઈ બાઈકસવારોએ તેમની બાઈકનું સ્ટીયરિંગ પકડી તેમના હાથમાંનો છરો બતાવી બાઈક ઊભી કરાવી હતી. અજાણ્યાઓએ કલ્પેશભાઈના ગળે છરો મૂકી કલ્પેશભાઈ પાસેથી સોનાની ચેઈન અને બે વીંટીઓ કિં.રૂ.1.47 લાખની લૂંટ કરીને કાચા રસ્તે ભાગી છૂટ્યા હતા. કલ્પેશભાઈ પટેલે આ અંગે ઝઘડિયા પોલીસમાં ફરિયાદ નોંધાવી લુંટારુઓની ઓળખ આપી હતી કે, મને લૂંટનાર બંને ઈસમ હિંદી બોલતા હતા. તેઓએ ટી-શર્ટ અને લૂંગી પહેરી હતી. ઝઘડિયા પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

## વ્યારા દૂધમંડળીના પક્ષકારો ઠરાવ લખવા દબાણ કરતા હોવાનો મંત્રીનો આક્ષેપ

**જિલ્લા** રજિસ્ટ્રાર પાસે માર્ગદર્શન માંગ્યું, સાધારણ સભા બે દિવસ પહેલાં વિવાદિત બની હતી

વ્યારા: વ્યારા દૂધ ઉત્પાદક સહકારી મંડળીની સાધારણ સભા બે દિવસ પહેલાં વિવાદિત બની હતી. સર્વસમ્મતિએ આ સભા રદ કરાયાના દાવા કરાયા હતા. ત્યારે આ મંડળીના મંત્રી કમલેશ છોટુભાઈ પટેલે જિલ્લા રજિસ્ટ્રારને વાર્ષિક સાધારણ સભાના વિવાદ બાબતે જણાવ્યું છે કે, બંને પક્ષકારો દ્વારા પોતપોતાની ઠરાવ બુકમાં ઠરાવ લખવા માટે દબાણ કરવામાં આવે છે. જેથી આ બાબતે માર્ગદર્શન આપવા જણાવ્યું છે. વધુમાં ઉમેર્યુ છે કે, તા.૨૯/૯/૨૦૨૪ના રોજ મંડળીની વાર્ષિક સાધારણ સભા સરિતાનગર સોસાયટી હોલમાં યોજાઈ હતી, જેમાં સભા અધ્યક્ષ મુદ્દે સભાસદોમાંથી બે દરખાસ્ત મૂકવામાં આવી હતી, જેમાં માન્યતા મેળવવા માટે જરૂરી પ્રોસિજર કરવામાં આવી નથી. જેથી આ સાધારણ સભા કાયદેસર રીતે થઈ નથી. છતાં બંને પક્ષોએ મનસ્વી રીતે બંને પક્ષકાર સભાસદોએ પોતપોતાની રીતે સાધારણ સભા અલગ સમયે કરી, પરંતુ બંને સભાના તા.૧/૧૦/૨૦૨૪ના રોજ કોઈપણ ઠરાવો લખવામાં આવ્યા નથી. વિશેષમાં સાધારણ સભા બાબતે જણાવ્યું છે કે, મંડળીમાં ૮૦% બિનસભાસદો દૂધ ભરે છે. તે સંખ્યા ઘણી મોટી હોય સાધારણ સભાની ઠરાવ બુકમાં ખોટી સહીઓ થવાની શક્યતા છે. સાધારણ સભાને કાયદેસરની માન્યતા માટે ઠરાવ બુકની ચકાસણી કરવાની જરૂર છે.

### તોરંદા ગામે કદાવર દીપડો મારણની લાલચે પાંજરે પુરાયો

વ્યારા: કુકરમુંડાના તોરંદાની સીમમાંથી એક દીપડો મારણની લાલચે પાંજરે પુરાયો હતો. જેને લઇ વન વિભાગની ટીમ દ્વારા ઘટના સ્થળે પહોંચી દીપડાનો કબજો લીધો હતો.

## તાતીથૈયામાં બિલ્ડિંગ પરથી પડી ગયેલા યુવકનું 20 દિવસની સારવાર બાદ મોત

પલસાણા: તાતીથૈયા ગામે આવેલી ભાસ્કર સિલ્ક મીલમાં કામ કરતા એક યુવક સુધીર મુખિયા (ઉં.વ.20) તા. 11 જુલાઈના રોજ બિલ્ડીંગ પરથી પડી ગયો હતો. આ અકસ્માતમાં તેને બંને હાથ અને ગળામાં ગંભીર ઈજાઓ થઈ હતી અને તેને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જોકે, સોમવારે સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું.

